Extra No. 313

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 29, 2025 / ASVINA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કેશોદ-યુનિટ-૭/૨૦૨૫

કેશોદ નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો આદેશ, ૨૦૨૫

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણી આયોગનો આખરી આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કેશોદ-યુનિટ-૮-૨૦૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫

(૨) રાજ્ય ચૂંટણી આયોગનો આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કેશોદ-યુનિટ-૬, તા. ૦૯-૦૯-૨૦૨૦

(૩) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪

(૪) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫

(૫) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023)

(૬) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫

(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ KV/205 of 2024/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪

૧. ભારતના બંધારણના અનુચ્છેદ 243-K અને 243-ZAની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬ની પેટા-કલમ ૪; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ હેઠળની જોગવાઈઓ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૨૦૧૪ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) તા. ૨૭-૦૮-૨૦૧૫ના આખરી આદેશથી કેશોદ નગરપાલિકાની વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ (આ વર્ગોની સ્ત્રીઓ સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૧૫માં નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

૨. વંચાણે લીધા (૪) ના સુધારા નિયમોથી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ માં નિયમ-૫ નવો મૂકવામાં આવેલ છે. જે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગની બેઠકો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬ અને કલમ ૭ મુજબ નક્કી કરવાની થતી બેઠકો એકી સંખ્યામાં આવતી તો હોય તેવી બેઠકો માટે જે તે કેટેગરીની મહિલા અનામત બેઠકો માટે લગભગ ૫૦ ટકા બેઠકો ફાળવી શકાય નહિ. તેથી, એકી સંખ્યામાં નક્કી થતી હોય તેવી બેઠકો પૈકી (એકી સંખ્યામાં રહેલ) બેઠક જે તે કેટેગરી માટે નક્કી કરી પ્રથમ ચૂંટણી કરવાની અને તે એક બેઠક હવે પછીની સામાન્ય ચૂંટણીમાં જે તે કેટેગરીની મહિલા માટે અનામત રાખવી એવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. વંચાણે લીધેલ (૨) ના તા. ૦૯-૦૯-૨૦૨૦ના આદેશથી કેશોદ નગરપાલિકા માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના તા. ૨૭-૦૮-૨૦૧૫ના આખરી આદેશની અનુસૂચિ-૨માં સુધારો કરી વર્ષ-૨૦૨૧માં કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

૪. વંચાણે લીધા (૫) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. વંચાણે લીધા (૬) ના મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ થી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪નો નિયમ-૭ બદલી નવો મૂકવામાં આવેલ છે. નવા નિયમ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા સ્ત્રીઓની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી શક્ય હોય ત્યાં સુધી દર પાંચ વર્ષે એક સામાન્ય ચૂંટણી પછી બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યારે કરવાની થાય છે.

૬. વંચાણે લીધા (૭) ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૮-૨૦૨૪ના જાહેરનામાથી કેશોદ નગરપાલિકા માટે ૦૯ વોર્ડ અને ૩૬ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૦૩ બેઠકો તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત; અનુસૂચિત આદિજાતિની ૦૨ બેઠકો તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત. અને પછાતવર્ગની ૧૦ બેઠકો તે પૈકી ૦૫ બેઠકો પછાતવર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૮ છે.

૭. ભારતના બંધારણના અનુચ્છેદ-243-ZA; ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૭; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૨૦૧૪ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણે લીધા (૧) અને (૨) વાળા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨૭-૦૮-૨૦૧૫ અને તા. ૦૯-૦૯-૨૦૨૦ના આદેશની અનુસૂચિ-૨ માં સુધારી કરી, કેશોદ નગરપાલિકાની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણી માટે આ આદેશ સાથેની અનુસૂચિ-૨ માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત સામાન્ય બેઠકો નક્કી કરી બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

વંચાણ (૧) પરના રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨૭-૦૮-૨૦૧૫ના આખરી આદેશની સીમાંકનને લગતી અન્ય વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કેશોદ-યુનિટ-૭/૦૯૨૦૨૫, તા. ૨૯/૦૯/૨૦૨૫નું સાંધણ

અનુસૂચિ-૨

કેશોદ નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૭૬૧૯૩		
કુલ વોર્ડની સંખ્યા	૯		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૮૪૬૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૯૩૧૩
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૭૬૧૯
બેઠકોની સંખ્યા	૩૬		
કુલ સ્ત્રી બેઠકો	૧૮		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૦	તે પૈકી ૫ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૨૬		
સામાન્ય બેઠકો	૧૦		

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૯૦૬૦	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૮૨૭૧	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૭૯૯૬	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૯૦૯૪	અનુસૂચિત જાતિ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૫	૫	૮૨૭૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૮૧૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૮૪૫૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૯૦૭૪	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૭૮૨૬	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	**૭૬૧૯૩**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 19:44:20 IST